

## વાઘ બકરી ચા પરિવાર તથા સેવા રૂરલના સહયોગથી વાન ફાળવી

# ઝઘડિયા તાલુકાના અંતરીયાળ વિસ્તામાં મોબાઈલ શાળા શરૂ



વાઘ બકરી ચા પરીવાર અને સેવારૂરલના સહયોગથી વાન ફાળવી હતી. / તસવીર મુકેશ શા

**ભાસ્કર ન્યૂઝ. ઝઘડિયા**

ઝઘડિયા સેવા રૂરલ શારદા મહિલા વિકાસ સોસાયટી તથા વાઘબકરી ચા પરિવારના સહયોગથી ઝઘડિયા તાલુકાના અંતરીયાળ એવા આમલઝર તથા તેના આસપાસના ગામોમાં હરતી ફરતી શાળા ચલાવવા માટે વાન ફાળવવામાં આવી છે.

ઝઘડિયા તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો છે. અહીં શિક્ષણની પરિસ્થિતી વિકટ હોવાના કારણે શિક્ષણનું સ્તર ઉંચું આવે તે જરૂરી છે.

તાલુકાના અંતરીયાળ આદિવાસી ગામોમાં ઝઘડિયામાં ૩ દાયકાથી આરોગ્ય તેમજ અન્ય પાયાની સેવા બજાવતી સેવા રૂરલ શારદા મહિલા વિકાસ સોસાયટી તેમજ વાઘ બકરી ચા પરીવારના સંયુકત ઉપક્રમે તાલુકાના આમલઝર ગામે હરતી ફરતી શાળા વાન ફાળવવામાં આવી હતી.

વિવિધ કારણોથી શિક્ષણથી વંચીત રહેતા બાળકોને પાયાના શિક્ષણની સાથે સાથે આ આધુનિક વિકાસમાં પાછળ રહી ના જાય તે માટે અભ્યાસકીય તેમજ જીવન ઘડતરની પ્રવૃતિઓ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે. આદિવાસી ક્ષેત્રમાં શિક્ષણના પ્રચાર અર્થે નવતર પ્રયોગ છે.